## ધ મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડા
## સંગીત વિષયમાં પીએચ.ડી.ની પદવી માટેનો મહાશોધનિબંધ

# ''ઉત્તર ગુજરાતની લોક પરંપરાઓમાં સંગીતનું એક વિશ્લેષણાત્મક અધ્યયન''

# "Uttar Gujarat ni Lok Paramparaoma Sangeet nu Ek Vishleshnatmak Adhyayan"


**: સંશોધક :**
સમ્યક રમેશચંદ્ર પારેખ

**: શોધ નિર્દેશક :**
ડૉ. અશ્વિનીકુમાર સિંઘ
આસીસ્ટન્ટ પ્રોફેસર

ભારતીય શાસ્ત્રીય સંગીત (ગાયન) વિભાગ
ફેકલ્ટી ઑફ પરર્ફોમિંગ આર્ટ્સ
ધ મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઑફ બરોડા
વડોદરા, ગુજરાત.



વર્ષ : ૨૦૧૬ - ૨૦૨૧

Registration No. : FOPA/58　　Registration Date : 25/10/2016

# સારાંશ

ઉત્તર ગુજરાત એ ગુજરાતના બીજા પ્રદેશોની જેમ જ લોકસાહિત્યની એક સમૃદ્ધ અને વિશાળ લોક પરંપરા ધરાવે છે. ઉત્તર ગુજરાતની અનેકો લોક પરંપરાઓ ઉપર અત્યાર સુધી ખૂબ ઓછા સંશોધનો થયેલા જોવા મળે છે અને તેમાં પણ લોક પરંપરાઓ ના સંગીત ના તત્વની વાત કરીએ તો આ ક્ષેત્રે સર્વ પ્રથમવાર સંશોધન નો અવસર મને મળ્યો છે. ઉત્તર ગુજરાતમાં અનેક પરંપરાઓ સ્થાપિત થયેલી છે અને તે પરંપરાઓને ઉજાગર કરતા પુસ્તકો, સંશોધનો ખૂબ ઓછા પ્રમાણમાં અને સાહિત્ય સ્વરૂપ એ પ્રગટ થયેલા છે. સાહિત્ય સંશોધનો હોવાને કારણે પરંપરાગત ગવાતા લોકગીતો અને તેની સંરચના, રાગ- તાલ વગેરે જેવા સાંગીતિક તત્ત્વોનો અભ્યાસ ખૂબ ઓછા પ્રમાણમાં થયેલો છે. સમય પ્રમાણે આ લોક પરંપરાઓના  લોકગીતો, લોકનૃત્યો, લોક કથાઓ વગેરે લુપ્ત ન થાય તે માટે સંગીતનો વિશ્લેષણાત્મક અભ્યાસ કરવો જરૂરી હતો, જે માટે મેં આવા પરંપરાગત ગીતોને ભાત ખંડે સ્વરલિપિમાં સ્વરબદ્ધ કરવાનો પ્રયત્ન કર્યો છે.

પ્રાચીન સમયમાં ઉત્તર ગુજરાત પ્રદેશ એ ‘આનર્ત’ નામથી પ્રસિદ્ધ હતો આપણા પ્રાચીન ગ્રંથો, પુરાણો માં તેમજ રુદ્રદામા નાં ગિરનારના  શૈલલેખોમાં જોવા મળે છે. ‘આનર્ત’ આમ કેમ પડ્યું અને તેનો ભૌગોલિક વિસ્તાર કેટલો હતો તે અંગે આરંભ થી શરૂ કરી વર્તમાન સુધીના ભૌગોલિક ઇતિહાસનો અભ્યાસ રજૂ કરવામાં આવ્યો છે. આજના ઉત્તર ગુજરાતના ભૌગોલિક વિસ્તારો, તેના પાંચ જિલ્લાઓ, તાલુકાઓ વગેરેના ક્ષેત્રફળ, ઇતિહાસ, પ્રાકૃતિક રચના, નદી નાળા, જંગલો, પર્વતમાળાઓ, જમીન ના પ્રકારો, ખનીજ તત્વો, આબોહવા, ખેતીવાડી, મુખ્ય જોવાલાયક સ્થળો, વાહન વ્યવહારના માર્ગો, વિવિધ જનજાતિઓ વગેરે ની જાણકારી આપવાનો પ્રયત્ન કર્યો છે. આ ઉપરાંત, ઉત્તર ગુજરાતની વિવિધ જનજાતિઓ, તેમના સામાજિક રીત-રિવાજો, પર્વ તહેવારો, જીવનશૈલી, પ્રણાલીગત સંસ્કારો, મુસ્લિમ સમાજની જીવનશૈલી, તેમના રીતરિવાજો, ઉત્સવ, તહેવાર, મેળાઓ વગેરે જેવા સામાજિક વારસાનો પરિચય આપવાનો પ્રયત્ન કર્યો છે. ઉત્તર ગુજરાતના સાંસ્કૃતિક વારસા વિશે જાણકારી આપતા શિલ્પો, સ્થાપત્યો, મંદિરો, ચિત્રકલાઓ, નર્તનકલા, સંગીત

કલા વગેરેનો સામાન્ય પરિચય આપવાનો પ્રયત્ન કર્યો છે.

લોક પરંપરા શબ્દની વ્યાખ્યા અને વિભાવના વિશેની જાણકારી આપવા લોક-Folk અને શાસ્ત્ર Lore શબ્દોની વ્યુત્પત્તિ, વ્યાખ્યા, અર્થ વિશેની જાણકારી વિવિધ ગ્રંથો, પુસ્તકોના અભ્યાસથી રજૂ કરવાનો પ્રયત્ન કર્યો છે. લોકવિદ્યા Folk Lore ના વિવિધ લક્ષણો, વિશેષતાઓ, એના પ્રકારો વિશે જીણવટપૂર્વક નો અભ્યાસ રજુ કરવાનો પ્રયત્ન કર્યો છે. લોટ પરંપરાઓની લાક્ષણિકતાઓ જેવીકે ભૌતિક જીવનને લગતી લોક પરંપરા જેમાં ઘરનું રાચરચીલું, મકાન, પોશાક, વ્યવસાય, ખાન-પાનની ટેવો વગેરેનો સમાવેશ થાય છે. આ ઉપરાંત લોક કલા, લોકસાહિત્ય કે લોક વાંગ્મય ને લગતી લોક પરંપરાઓ ની ટૂંકમાં જાણકારી આપીને લોકવાઙમયની વ્યાખ્યા, તેનું સ્વરૂપ ગત વર્ગીકરણ આપીને લોક પરંપરાઓ ની વિશેષતા દર્શાવવાનો પ્રયત્ન કર્યો છે. લોકસાહિત્યના પ્રકારો, કંઠ્ય પરંપરાઓ તેની વિસ્તૃત જાણકારી આપવાનો પ્રયત્ન પણ કર્યો છે.

લોક સાહિત્યના મહત્ત્વના ઘટક સમાન લોકસંગીતની વ્યાખ્યા, તેની વિભાવના, તેનો ઉદભવ, લાક્ષણિકતાઓ, વિકાસ વગેરે સંબંધી માહિતી આપવાનો પ્રયત્ન કર્યો છે. લોકવાદ્યો ના પ્રકારો તેમજ ઉત્તર ગુજરાતના લોકવાદ્યોની જાણકારી આકૃતિ સહ વર્ણન કરીને રજૂ કરવામાં આવી છે. લોકસંગીતના પ્રકારો જેવા કે લોકગીત, લોક વાર્તા, લોકનાટય ભવાઈ, પ્રકીર્ણ સાહિત્ય (કહેવત, વરત, ઉખાણાં, છંદો, લોકોક્તિઓ, હાલરડાં, જોડકણાં, રમત ગીતો) લોક નૃત્ય વગેરેની માહિતી આપવાનો પ્રયત્ન કર્યો છે.

ઉત્તર ગુજરાતની વિવિધ લોક પરંપરાઓની જાણકારી સમાજના વિવિધ વર્ગોના અભ્યાસ દ્વારા રજુ કરવાનો પ્રયત્ન કર્યો છે. આવી લોક પરંપરાઓમાં સર્વપ્રથમ લોકનાટય ભવાઈના વિવિધ વેશોની જાણકારી એના કાવ્યમય સ્વરૂપમાં જણાવવાનો પ્રયત્ન કર્યો છે. ભવાઈ વેશ કરતા ઉત્તર ગુજરાતના વિવિધ સમાજો અંગેની જાણકારી આપવાનો પ્રયત્ન પણ કર્યો છે. આ ઉપરાંત ઉત્તર ગુજરાતની વિચરતી જાતિઓની લોક પરંપરાઓમાં પ્રથમ ચારણ ગઢવી સમાજ, ગરો સમાજ, રબારી સમાજ, મીર સમાજ વગેરેના પર્વો ઉત્સવો, તહેવારો, લોકગીતો, લોકનૃત્યો, લોકવાર્તાઓ, શોક્ય ગીતો, મરશિયા, લગ્ન ગીતો વગેરે

સ્વરબદ્ધ કરીને રજૂ કરવામાં આવી છે. ત્યારબાદ આદિવાસી સમાજની વિવિધ લોક પરંપરાઓની જાણકારી આપતા તેની વિવિધ ઉપજાતિઓ જેવીકે ભીલ સમાજ, કુનબી સમાજ, વારલી સમાજ વગેરેના ઉત્સવો, પર્વો, તહેવારો, લોક નૃત્યો, મેળાઓ વગેરેની જાણકારી આપવાનો પ્રયત્ન કર્યો છે. ત્યારબાદ ઉત્તર ગુજરાતની પ્રકીર્ણ જાતિઓમાં બારોટ સમાજની લોક પરંપરાઓ જેવી રીતે ભવાઈ, વહીવંચાની પરંપરા, વહી લિપિ, સાહિત્યિક પરંપરાઓ, લોકનૃત્યો, લોકગીતો વગેરેની જાણકારી આપવાનો પ્રયત્ન કર્યો છે. આ ઉપરાંત રાજપૂત સમાજ, પાટીદાર સમાજ, ચૌધરી સમાજની પણ વિવિધ લોક પરંપરાઓ ના લોકગીતોને સંગીતની લિપિ માં લિપિબદ્ધ કરીને રજૂ કરવાનો પ્રયત્ન કર્યો છે.

અત્યાર સુધી ઉત્તર ગુજરાતના લોકસાહિત્યના સંશોધન સંપાદન ક્ષેત્રે કામગીરી ઉલ્લેખનીય રહેલી છે. લોકસાહિત્યના વિદ્વાનો, સંશોધકો, સંપાદકો વગેરે એ નવીન સંપાદકોને પ્રેરણા આપે એવું નોંધપાત્ર કાર્ય કર્યું છે. પરંતુ આ પ્રદેશના લોક પરંપરાઓ, લોકગીતો, લોકનૃત્યો, લોકનાટય ભવાઈ, પર્વો તહેવારો વગેરેના રેકોર્ડિંગ કે વિડિયો કેસેટો ની ઓડિયો વિડીયો લાઈબ્રેરી થકી યોગ્ય જાળવણી થાય તે ખૂબ જરૂરી બન્યું છે. મેં મારા આ શોધ નિબંધ માં જે કંઈ લોક પરંપરાઓ, લોકગીતો, દુહા છંદ, લોકનૃત્યો, લોક નાટ્ય -ભવાઈ, પર્વો તહેવારો ગીતો વગેરેનો અભ્યાસ કર્યો છે. તે હજુ પણ મને ઓછો લાગે છે. હજુ પણ ઉત્તર ગુજરાતના ઘણા પ્રદેશો વણ ખેડાયેલા રહ્યા છે. ભારત પાકિસ્તાનના ભાગલા વખતે આવીને વસેલી નિરાશ્રિતો કોમોની સંસ્કૃતિ, વટ-વ્યવહારો, રીત રિવાજો, પરંપરાઓ, માન્યતાઓ અને તેના વિવિધ પ્રસંગોમાં ગવાતા લોકગીતો, લોકનૃત્ય, કહેવતો, લોક કથાઓ વગેરેની એક સમૃદ્ધ પરંપરા વિશે સંશોધકો સંપાદકો એ કામ કરવાની તાતી જરૂરિયાત છે. મેં મારા સંશોધનમાં ઉત્તર ગુજરાતના મોટાભાગના પ્રદેશોને આવરી લેતી લોક પરંપરાઓ ના સંગીતનો વિશ્લેષણાત્મક અભ્યાસ કરવાનો પ્રયત્ન કર્યો છે. આ અભ્યાસને પૂર્ણવિરામ ન આપતા હજુ પણ આમાં નવા સંશોધનો માટેના પ્રયત્ન થતા રહે તેવી અંતઃકરણની ઈચ્છા સાથે વિરમું છું.

**(સમ્યક પારેખ)**